# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫– અન્ય માધ્યમ), સ્પેશીયલ એજ્યુકેટર (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮) તથા ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષકની ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૨૬

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫– અન્ય માધ્યમ), સ્પેશીયલ એજ્યુકેટર (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮) તથા ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષકની ભરતી જાહેરાત વર્ષ:૨૦૨૬ અંગેના ઓન–લાઇન અરજીપત્રક વેબસાઇટ https://dpegujarat.in ઉપર તા.૦૧/૦૬/૨૦૨૬ સવારના ૧૨:૦૦ કલાકથી તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે. સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ ૧૭.૦૦ કલાક સુધી છે. (જાહેર રજાના દિવસ સિવાય) તથા સબંધિત જાહેરાત અન્વયે શૈક્ષણિક લાયકાત, પગાર–ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકારકેન્દ્રોની યાદી, ઓનલાઇન અરજીપત્ર ભરવા માટેની સૂચનાઓ અને સામાન્ય સૂચનાઓ તેમજ ભરતી સંદર્ભે જરૂરી તમામ ઠરાવો/પરિપત્રો ઉપરોક્ત વેબસાઇટ પર ઉપલબ્ધ છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.

| જગ્યા | જાહેરાત ક્રમાંક | વિભાગ | માધ્યમ | કુલ અંદાજિત જગ્યા |
|---|---|---|---|---|
| વિદ્યાસહાયક (વર્ગ–૩) | ૦૨/૨૦૨૬ | ધોરણ ૧ થી ૫ | ગુજરાતી સિવાયના અન્ય માધ્યમ | ૯૮૭ |
| સ્પેશીયલ એજ્યુકેટર (વર્ગ–૩) | ૦૩/૨૦૨૬ | ધોરણ ૧ થી ૫ | ગુજરાતી માધ્યમ | ૧૮૪૧ |
| સ્પેશીયલ એજ્યુકેટર (વર્ગ–૩) | ૦૪/૨૦૨૬ | ધોરણ ૬ થી ૮ | ગુજરાતી માધ્યમ | ૧૦૬૭ |
| મુખ્ય શિક્ષક (વર્ગ–૩) (ફક્ત દિવ્યાંગજનો માટે) | ૦૫/૨૦૨૬ | – | ગુજરાતી માધ્યમ | ૭૧ |

(૧) જાહેરાત ક્રમાંક :૦૨/૨૦૨૬ અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ – અન્ય માધ્યમ) ની સીધી ભરતીથી ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક માટે મેરીટના ધોરણે ભલામણ કરવા શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ તેમજ વખતો વખતના સુધારા ઠરાવથી નિયત થયેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાતની જોગવાઇઓ અને શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ ના જાહેરનામાથી નિયત થયેલ પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઇ અન્વયે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન–લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

જાહેરાત ક્રમાંક ૦૨/૨૦૨૬ સંદર્ભે શિક્ષણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૬ના પત્રથી તા.૩૧/૦૩/૨૦૨૬ની કાર્યપદ્ધતિ અને શરતોને આધિન જાહેરાત પ્રસિધ્ધ કરવા મંજૂરી આપેલ છે. સદર મળેલ મંજૂરી અન્વયે આ જાહેરાતમાં માત્ર કુલ જગ્યાઓ દર્શાવેલ છે. સરકારી પ્રાથમિક શાળાઓના પ્રાથમિક શિક્ષકોના જિલ્લાફેર બદલી કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયેથી તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિના રોસ્ટર આધારિત માંગણાપત્રક મેળવી માધ્યમવાર, વિભાગવાર, વિષયવાર અને કેટેગરીવાર જગ્યાઓ જિલ્લા પસંદગી કાર્યવાહી શરૂ થતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવશે. તથા જાહેરાત ક્રમ ૦૨/૨૦૨૬ની જગ્યાઓ પૈકી દિવ્યાંગજનો માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કર્યા મુજબની ૪ ટકા લેખેની જગ્યાઓ દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત પ્રથમ પ્રસંગે ન ભરાયેલ જગ્યાઓ પૈકી બીજા પ્રસંગ તરીકે દર્શાવવામાં આવનાર છે. જે જગ્યાઓ માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ ના ઠરાવમાં બીજા પ્રસંગમાં જણાવ્યા મુજબની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

જાહેરાત ક્રમાંક ૦૨/૨૦૨૬ સંદર્ભે અન્ય માધ્યમના વિદ્યાસહાયકો માટે જાહેરાતમાં દર્શાવેલ અનામત કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ નિયત લાયકાત ધરાવતા બિન અનામત ઉમેદવારોથી શિક્ષણ વિભાગના ક્રમાંક;પીઆરઇ/૧૧૧૫/સીસી–૧૩૯–ક,તા.૦૮/૧૨/૨૦૧૫ ના પત્ર સંદર્ભે સા.વ.વિભાગના તા.૧૬/૦૩/૧૯૯૬ના ઠરાવક્રમાંક–પવસ/૧૦૯૩/મ–૧૭(ભાગ–૨)–ગ–૪ ના ફકરા–૨ ની જોગવાઇને આધીન ભરવામાં આવશે. તેથી આ ભરતી માટે નિયત લાયકાત ધરાવતા બિન અનામત ઉમેદવારો ઉમેદવારીપત્રો ભરી શકશે.

(૨) જાહેરાત ક્રમાંક : ૦૩/૨૦૨૬ અને ૦૪/૨૦૨૬ અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં સ્પેશીયલ એજ્યુકેટર વર્ગ–૩ (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮) માટે જિલ્લા/ નગર શિક્ષણ સમિતિ તરફથી મળેલ માંગણા પત્રક મુજબ નીચે દર્શાવેલ જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ ના જાહેરનામા તથા સરકારશ્રી દ્વારા વખતો વખત નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી શિક્ષણ વિભાગના તા.૨૩/૧૧/૨૦૨૩ના જાહેરનામાથી નિયત થયેલ પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન–લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

(૩) જાહેરાત ક્રમાંક : ૦૫/૨૦૨૬ અન્વયે નામ. વડી અદાલતમાં દાખલ થયેલ WPIL ૪૬/૨૦૨૩ ઉપર તા.૧૩/૦૩/૨૦૨૪, તા.૦૨/૦૮/૨૦૨૪ તથા તા.૦૪/૧૦/૨૦૨૪ ના ઓરલ ઓર્ડર અન્વયે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૧૧/૧૧/૨૦૨૪ ના પરિપત્રથી દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનોની ભરતી યોજવા સુચનાઓ પરિપત્રિત કરેલ છે. જે અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૯/૦૩/૨૦૨૫ ના પત્રથી રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક વર્ગ–૩ માટે દિવ્યાંગ વ્યક્તિઓની ઘટને ખાસ ભરતી કરવા મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ તથા તા.૨૦/૧૧/૨૦૨૪ ના ઠરાવ મુજબ જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૧૮/૦૧/૨૦૨૨ અને તા.૧૪/૧૨/૨૦૨૨ના ઠરાવથી નિયત થયેલ દિવ્યાંગતા ધરાવતાં ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષક વર્ગ–૩ ભરતી વર્ષ ૨૦૨૬ ની સીધી ભરતીથી નિમણૂંક માટે મેરીટના ધોરણે ભલામણ કરવા શિક્ષણ વિભાગના તા.૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામા તેમજ તેમાં વખતો વખતના સુધારા જોગવાઈથી નિયત થયેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત તથા અનુભવની જોગવાઈઓ અને શિક્ષણ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૨ ના ઠરાવથી નિયત થયેલ અનુભવના પુરાવા ધરાવતાં તેમજ શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ ના જાહેરનામાના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા ફક્ત દિવ્યાંગ ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન–લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે

જાહેરાત ક્રમાંક ૦૫/૨૦૨૬ અન્વયે દિવ્યાંગતાના જૂથ – C માં જરૂરિયાત કરતાં વધારે દિવ્યાંગજનો હાલ કાર્યરત હોઈ તે ઉમેદવારો હાલ ઉમેદવારી કરી શકશે નહી. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઈ મુજબ આ ભરતીને પ્રથમ ભરતી પ્રસંગ ગણવાનો રહેશે જો આ ભરતીના અંતે દિવ્યાંગતાના જૂથ – C સિવાયના અન્ય દિવ્યાંગતાના જૂથમાં જગ્યાઓ ખાલી રહેશે તો સદર ઠરાવની જોગવાઈ મુજબ બીજા ભરતી પ્રસંગે ઉમેદવારી કરી શકશે.

તા.૨૫/૦૫/૨૦૨૬ — પી.કે.ત્રિવેદી

સ્થળ:–ગાંધીનગર — અધ્યક્ષ

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.